# પત્ની વગરનો પુરુષ અધૂરો અને ઓશિયાળો

પત્ની : તમે રાત્રે મારી તરફ મોઢું રાખીને સૂઈ જાવ. મને રાત્રે બીક લાગે છે. પતિ : તો પછી મને આખી રાત બીક લાગશે એનું શું ? સૌથી વધુ જોક્સ – રમૂજી ટૂચકા કદાચ પત્ની પર જ હશે. મા, ભાભી, માસી, મામી,સાળી, બહેન જેવા સ્ત્રી પાત્રો પર કેમ નહિ ? છતાં પત્નીઓ જોક્સ ટૂચકા વખતે પતિ સાથે ભળી જઈને હસી મજાક કરી લે છે. પોતાની જાત પર હસવું એ બહુ મોટી વાત છે. આ રીતે જોવા જઈએ તો પત્ની એ સહનશીલતાની મૂર્તિ ગણાય. એક જ ઘરની ચાર દીવાલ વચ્ચે રહેતા મા, બહેન, દીકરી અને પત્ની વિષે વિચારો તો ખબર પડશે કે કોણ કોને સાચવે છે ? ઘરની સૌથી વધારે જવાબદારી અને કામ કોણ કરે છે ? પત્ની એટલે ઘરમાં છેલ્લે ખાવા બેસતી, ક્યારેક કઢાઈ લૂસીને તો ક્યારેક આંસુ લૂસીને ખાતી પત્નીને જોજો અને હકારાત્મક વિચારજો. ઘરના તમામ પુરુષોને અને ખાસ કરીને બાળકો અને ઘરડાંઓને સાચવવાની જવાબદારી પત્નીની. શું પત્નીનું સર્જન ઘરમાં સાસુ, સસરા, નણંદ અને પતિના હૂકમોનું પાલન કરવા માટે જ થયું છે. હોમવર્ક કરતું બાળક કે સોફા પર સમાચારપત્ર વાંચતો પતિ કે હીંચકા પર બેઠેલા વડીલ પોતાનું કામ કરવા જાતે ઊભા નહિ જ થાય, ઘરની વહુને જ કહેશે કે આ લાવો કે તે લાવો. સવારથી મોડી રાત્રી સુધી પોતાની જરૂરિયાતોને એક બાજુ મૂકી પતિ, બાળકો અને ઘરના અન્ય સભ્યોને સાચવતી આ પત્ની પોતાની જાતને ઓગાળી નાંખે છે, પોતાની જાતને ભૂલી જાય છે. તેમાં પણ કોઈ કામમાં કચાશ રહી જાય કે સમયસર ચા ના મળે, જમવામાં મીઠું વધારે પડે કે અન્ય કારણે ઘરના તમામ સભ્યો એક સંપ થઈને આ પત્ની પર તૂટી પડે છે. સભ્યોના આ મહેણાંટોણાં કોઈપણ દલીલ કર્યા વગર સાંભળવાના. સ્પસ્ટતા કરવાનો કે કોઈ કારણ આપવાનો કોઈ અધિકાર જ નહિ. પત્ની આટલું બધું આપ્યા પછી કોઈ માંગણી કરે ત્યારે પતિઓ ફરીયાદ કરતા હોય છે. અરે દોસ્તો, પત્નીની સાચી કિમત એ જયારે હોય છે ત્યારે નહિ, પણ એ જયારે નથી હોતી ત્યારે સમજાય છે. એની ગેરહાજરી વગરની દુનિયા તમે કલ્પી નહિ શકો.  એ તો વિચારો કે માત્ર પત્ની એક એવું પાત્ર છે કે જે શબ્દના પર્યાય શબ્દો બીજા પાત્રો કરતાં વધારે હશે. પત્ની એટલે અર્ધાંગીની, બૈરી, ઘરવાળી, વહુ. ભાર્યા, જોરું વગેરે. દોસ્તો વિચારો કે એવી કઈ ક્ષણ છે કે જ્યાં તમે પત્નીને યાદ ના કરતા હોવ અને તેના વગર તમને ચાલતું હોય. સવારે ઉઠતાં, ચા-નાસ્તો કરતા, નાહીને બાથરૂમમાંથી બહાર નીકળતા, જમવા બેસતા, ઓફિસે જતાં, ઓફિસમાં બે ફોન ના આવે ત્યારે, ઓફિસથી ઘેર નીકળતા વગેરે સમયે પત્ની જોઈએ જ. સામે પક્ષે ઘણા પતિદેવો ખોટા કામ કરતા હોય, જૂઠું બોલતા હોય કે અન્ય દૂષણ હોય તો પણ તેમની પત્ની શરૂઆતમાં સમજાવવાનો પ્રયત્ન કરશે,,કચકચ કરશે, ઝગડા કરશે, પરંતુ ઘર છોડીને જવાનું નહિ વિચારે. પત્નીની મજબૂરી અને મજબૂતી એ છે કે, તેને

પોતાનું ઘર સ્વર્ગ બનાવવું છે, ઘરને નીચે જવા દેવું નથી. છોકરાને ઉછેરવા છે, ભણાવવા છે અને પતિને સાચા રસ્તે વાળવા છે. હકીકતમાં પત્ની વગર પતિ પતી જ જાય.

પત્નીને અર્ધાંગીની કહી છે, પુરુષને અર્ધાગનો કહ્યો નથી. પત્નીએ પોતાનું અડધું પુરુષને આપી દીધું છે. આ અડધું પુરુષમાં છે ત્યાં સુધી જ તે સામાજિક છે – ડાહ્યો છે – કહ્યામાં છે. પત્ની છે ત્યાં સુધી જ તમે ' તમે' છો. પછી તમે ' તમે' તરીકે નહિ હોવ. પત્ની વગરનો પુરુષ અધૂરો, બાપડોબિચારો, નિસ્તેજ-ઓજસ વિનાનો. ઓશિયાળો અને ભાર આપીને કહું તો સમાજમાં ઓળખ વિનાનો બની જાય છે. અને ઓળખ બાકી રહે તો તે છે પત્ની વગરનો પુરુષ.  ઘરમાં એકલો હોય ત્યારે બેબાકળો બની જાય છે અને છતાં કહે છે કે પત્ની કેટલાક દિવસ પિયર જાય તો મજામજા. પણ આ મજા બે દિવસ જ ગમે છે. પછી પતિઓને પત્નીની કિંમત અને હિંમત સમજાય છે.  આ પત્નીઓની આભા, પ્રતિભા અને પ્રતિમા જ એવી છે કે જેથી પુરુષોને પ્રતિક્ષા કરવી પડે છે. પુરુષોની આ પ્રતિક્ષા એ જ તેમનો પ્રતિભાવ છે.

પુરુષને અમુક કામમાં રોકનાર કે ટોકનાર તેની પત્ની જ હોય છે, પત્ની આવું કરે ત્યારે પુરુષને તે ટકટક કે કચકચ કરે છે એમ લાગે છે. જો પત્ની પોતાના પતિને રોકતી ના હોત, ટોકતી ના હોત તો કેટલા પતિઓ સાંજે સમયસર ઘેર આવે ? કેટલાં પતિઓ વ્યસનની નજીક ના હોય ? કેટલા પુરુષો સમયસર ઓફીસ કે કામ ધંધે જઈ શકે ? કેટલાના ઘરમાં વસ્તુઓ ચોક્કસ જગ્યાએ જ ગોઠવાયેલી હોય ? કેટલાનું ઘર ચોખ્ખું હોય ?  ભારતની એક પણ પત્ની એવી નહિ હોય કે સાંજના સમયે પોતાના પતિને શું રસોઈ બનાવું તે માટે ફોન ના કર્યો હોય. પતિનો દરરોજ એક જ જવાબ હોય કે જે બનાવવું હોય તે બનાવ. આ બાબતે ફોન ના કરવો. છતાં આ પત્નીઓ ફોન કરે જ.  પુરુષ નોકરી ધંધો કરીને ઘેર આવે ત્યારે થાકીને આવ્યો હોય તેમ વર્તે છે. એ માટે ઘણાં નિયમો બનાવ્યા હોય છે કે, ઘેર આવું ત્યારે આમ થવું જોઈએ કે આમ ન થવું જોઈએ. ટૂંકમાં નોકરી કરીને ઘેર આવેલો પતિ રાજા બની જાય છે. હવે વિચારો કે નોકરી કરીને ઘેર આવેલી પત્ની રાણી બની જાય તો ? ના. એ નહિ બને. એતો પત્ની જ રહેશે. આ માટે જ દોસ્તો એ પાત્રને સો સો સલામ છે.

આજના પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓને આગળ લાવવાના , સ્ત્રીને પૂરું સન્માન મળે તેના પ્રયત્નો થઇ રહ્યા છે. ત્યારે આ સ્ત્રી એટલે માત્ર મા અને દીકરી જ છે. એમાં પત્નીનો સમાવેશ કેમ નાં થવો જોઈએ. જેટલા ગીત મા, બહેન અને દીકરી માટે લખાયા છે, તો પત્ની માટે એકપણ નહિ ! હા... પત્ની માટે ગુજરાતીમાં જ એક ગીત ખૂબ જ સરસ રીતે લખાયું છે અને ગવાયું છે. જે સૌ પુરુષોને સાંભળવા માટે માત્ર વિનંતી જ નહિ પણ આગ્રહ કરું છું. ગીતના શબ્દો છે ' વેરુમાં વીરડો ગાળતીતી....'  યુ ટ્યુબ કે ગૂગલમાં શબ્દો લખશો એટલે આવી જશે. ગેરંટી સાથે કહું છું કે એકવાર ગીત સાંભળ્યા પછી અવારનવાર સાંભળશો અને વધુ લાગણીશીલ પતિની આંખમાં આંસુ પણ

આવી જશે, તેમ જ એક પતિ તરીકે તમારી પત્નીને જોવાની તમારી નજર પણ બદલાઈ જશે. આટલું અદભૂત ગીત ઘણા વર્ષો પછી સાંભળવા મળ્યું.

મોટાભાગના પુરુષો કહે છે કે પત્નીને સમજવી એટલે .... ૪૦ જીબીનો વિડિયો ડાઉનલોડ કરતા હોઈએ અને ૩૮.૬ જીબી ડાઉનલોડ થયા પછી એરર આવે. કહેવાનો મતલબ મોટી અપેક્ષા સાથે, ખાસ સમય ફાળવીને, ખૂબ પ્રયત્ન કર્યા પછી પણ સફળતા ના મળે. વાત સાચી છે, પત્ની અને મા આ બન્ને પાત્રો એવાં છે કે તેને સમજવું એક પુરુષ માટે મુશ્કેલ જ નહિ અશક્ય છે. પતિ અને પત્નીની જોડણી જૂઓ. એકમાં હ્સ્વ-ઇ છે અને બીજામાં દીર્ઘ-ઈ છે. બન્ને એકબીજાથી ઉલ્ટા – એક આગળ તો બીજું પાછળ છે. બસ આ ઉદાહરણથી પણ ઘણી સમજ પડી જશે.

આખા ઘરને ચલાવતી આ પત્નીના વર્તન અને વિચારોને કારણે જ ઘરની પ્રતિષ્ઠા છે. સમાજમાં તમારા ઘરની પ્રતિષ્ઠાનો આધાર તમારા ઘરની વહુ પર છે. માટે તો વહુને જેટલી ઊંચી રાખશો તેટલી પ્રતિષ્ઠા ઊંચી જશે. એક કુટુંબને મળતો સામાજિક મોભો તે ઘરની સ્ત્રીઓને કારણે છે, બાકી સામાજિક વ્યવહારો બાબતે પુરુષો તો બોઘા જ છે. ઘરમાં આવતાં લગ્નપ્રસંગે કે અન્ય પ્રસંગે ક્યા સામજિક વ્યવહાર કરવા એ ઘરની સ્ત્રીઓને જ ખબર પડે. માટે તો આવા પ્રસંગે પત્નીઓ તેમના પતિને કહે છે કે, બોલ્યા વગર બેસો, તમને કશી ખબર ના પડે.

અંતે ઘર બહાર ક્યાંય ફરવા જવાનું થાય તો મોટાભાગના પતિઓ કહેતા હોય છે કે, કોઈની કંપની હોય તો મજા આવે. એકલી પત્ની સાથે જવામાં મજા ના આવે. ઘરમાં પણ એ અને બહાર પણ એ જ. ત્યારે સૂચન કરવાની ઈચ્છા થાય કે, હે પતિદેવો, એકલી પત્નીને લઈને બહાર ફરવા જાવ. ખરેખર મજા આવશે. માત્ર મજા નહિ તમારા બન્નેના સ્વભાવમાં ચેઈન્જ પણ આવશે. તમારો પ્રવાસ યાદગાર રહેશે. અંતે પતિદેવો ભવ: અને પત્નીદેવી ભવ: